સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પાઈ વગરના લાખો બેંક-ખાતાં ખોલાવી દીધાં!
હસા માટે કાળા-ધનિકોનાં નામ બોલાવી દીધાં!
ફોલાવી દીધાં ફીકાં સફાઈ અને શૌચાલયનાં -
કૉંગ્રેસી મુખ્યમંત્રીઓનાં આસન ડોલાવી દીધાં...
(બે વરસનાં કરતૂત)

હાઈકુ

નટ બનીને,
હિંદુત્વ દોરી પર -
ચાલે ભાજપ...
(સંઘ સાથે સમતુલા)

હરાવી દેસે?!
'વિકાસ' નો રાવણ ?!
'રામ' ચિંતામાં...
('મંદિર' મુદ્દો નહીં)

ચિંતન

બરસ બરસ નહિ કરી શકે, તાકો લાગે દોષ,
કહે કબીર વા જીવસો, કબહુ ન પાવો મોષ.

કબીર સાધુનાં દર્શનનો મહિમા ભાવથી ગાય છે. નિત્ય વારંવાર દર્શનનો પ્રભાવ જણાવવાની સાથે સાથે અનેક વિકલ્પો દર્શાવે છે. ઘડી ઘડી નહીં તો દિવસમાં એક વખત, તે શક્ય ન હોય તો એકાંતરે અને તેમાં પણ તકલીફ જણાય તો અઠવાડિયે, પખવાડિયે, મહિને કે છ મહિને સાધુ દર્શન માટે આગ્રહ કરે છે. કબીર જાણે છે કે, માણસને રોજબરોજની પળોજણ એટલી હોય છે કે સત્સંગમાં ધ્યાન આપી શકતા નથી. કબીર રહે છે કે જો વર્ષોવર્ષ જીવ સાધુના પ્રભાવથી બહાર રહે છે તો કદી મોક્ષ પામી શકે નહીં. ભક્તિમાર્ગનો પાયો જ એ છે કે, સતત હરિસ્મરણ વિના માણસ દુનિયાની માયામાં લપેટાઈ જાય છે. આનો અર્થ આળશ કે નિષ્ક્રિયતા નથી કરવાનો પણ કરતાં જઈએ આપણું કામ અને લેતાં જઈએ હરિનું નામ આજ સાથે આવશે મુક્તિધામ.

મુક્તિ માટે સત્સંગ અને સ્મરણ ખૂબ જ અગત્યનાં દ્વંદ્વ છે. એના વિના કદી કોઈને મુક્તિ મળતી નથી.

સુવિચાર

- જે બધા જીવોને પોતાના જેવા જાણે છે તે જ સત્યને જાણે છે - **ઉપનિષદ**
- માણસ માત્રમાં સત્યનું બીજ હોય જ છે. સત્ય વાવવાનું કામ તમારું નથી, તમારી ફરજ માત્ર સત્યને યોગ્ય વાતાવરણ આપવાનું છે - **સંત મોઝીસ**
- મૃત્યુ જ જો આવનારપ છે તો જીવન શા માટે? અને આત્મા જો ફરી અન્ય કોઈ દેહમાં વસનાર છે તો મૃત્યુ શા માટે? - **જનકલ્યાણ**
- અનુકૂળ હોય કે પ્રતિકૂળ પણ જીવન સાથે સમજૂતિ કરી લેવી જ સારી - **જીવનસૂત્ર**
- સત્ય તો રસ્તા ઉપર જ દેખાય તેમ પડ્યું છે, તેને શોધવાનું છે જ નહિં, માત્ર આંખો જ ઉઘાડવાની છે - **સચ્ચિદાનંદ**
- મોક્ષ એટલે વ્યક્તિનો અહંકાર ગળી જવો - **વિનોભા**
- આજનું ઔષધ : પપૈયાના પાનનો કાવો બનાવી પીવાથી હૃદયશૂળમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

ઘર-કચેરી-સત્તા-પદ-રાજમહેલ એ બધું 'ધર્મશાળા' જેવુ છે. ગેસ્ટહાઉસમાં જેમ આપણે પૈસા આપી અમુક કલાક માટે એ રૂમના માલિક થઈએ છીએ તેમ પ્રધાનશ્રી-કલેકટરશ્રી પણ પોતાના નિયત સમયે - પુણ્યબળે સત્તા પર રહે છે. સમય ભાગ્ય પુરું થતાં જ પાણીચું મળી જાય છે. એટલે એમાં મમત્વ અભિમાન ન રખાય...

શહેનશાહ અબુ-બિન-આદમને પોતાનો પ્રાચીન સ્થાપત્યવાળો મહેલ બધાને બતાવવાનો બહુ શોખ હતો. વરસમાં અમુક દિવસે તો મોટી ફી લઈ જાહેરજનતાને બતાવવા માટેનું આયોજન કરતો દરેક મહેમાન પાસે 'મહેલ'ના ભરપેટ વખાણ કરતો. એક સૂફી સંત શેતરંજી લઈ સમી સાંજે શહેનશાહ પાસે આવ્યા અને કહ્યું, બાદશાહ! તારી આ સરાય (ધર્મશાળા)માં મારે એક રાત રોકાવું છે. જગ્યા કરી આપ!

બાદશાહ કહે આ ધર્મશાળા નથી મારો મહેલ છે. સંત હસીને કહ્યું જે ધર્મશાળામાં તારા બાપ-દાદા-પૂર્વજો કેટલીક રાતો રોકાઈને ચાલ્યા ગયા તેમ તું પણ જવાનો જ. આ તારો મહેલ નહીં, ધર્મશાળા જ છે... બાદશાહ વિસ્ફારિત નયને જોઈ જ રહ્યો...

અપમૃત્યુને હળવાશથી ન લઈએ

'ધિ ગ્રેટેસ્ટ' બોક્સર મોહમંદ અલીના વયસહજ મૃત્યુ કરતાં આપણને ગાંધીનગરના એમએસ બિલ્ડિંગ પરથી મોતની છલાંગ મારી જિંદગીનો અંત આણનારી સેકટર-૨૩માં રહેતી મહિલાના મૃત્યુથી વધારે આઘાત લાગવો જોઈએ. એથીય અદકેરો આઘાત જગુદણમાં શિક્ષક તરીકે કાર્યરત પિતાના એકવીસ વરસના હોનહાર પુત્રની કેન્ટુડી (અમેરિકા) ખાતે થયેલ હત્યાથી પહોંચવો જોઈએ. આપઘાતના કિસ્સામાં ઉત્તરોત્તર વધારો થતો રહ્યો છે, એ જ રીતે વિદેશમાં વધુ સારી જિંદગીનાં સપનાં જોતાં નવલોહિયા યુવાનો રહેંસાતા રહે છે. આપણો સમાજ આટલી હદે સંવેદનહીન કેમ બની ગયો છે? શું સમાજ અને સરકારે આ દિશામાં વેળાસર નક્કર પગલાં ભરવાનો વખત પાકી નથી ગયો? હેલનની આત્મહત્યા અને મૌલિક પટેલની હત્યા આ બેઉ અપમૃત્યુના કિસ્સા છે. માણસને જીવવાનો મૂળભૂત અધિકાર દુનિયામાં તમામ બંધારણોએ સમાન રીતે આપેલો છે. એને ઉંમર, રોગ કે અકસ્માતથી મૃત્યુ પ્રાપ્ત થાય છે તેની સામે આખી માનવજાત લાચાર છે, જો કે એમાં પણ મૃત્યુ સામે જિંદગીની લાડઈ તો ચાલતી જ રહી છે. માનવીની સરેરાશ ઉંમર વધી છે; રોગો સામે ઝઝૂમવા માટે એન્ટિબાયોટિક્સથી લઈ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ સુધીની સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે અને અકસ્માતો અટકાવવાના પ્રયત્નો નિરંતર ચાલુ છે. પરંતુ આત્મહત્યાના કિસ્સા દિન-પ્રતિદિન વધતા જાય છે અને હિંસાચાર પર પણ કોઈ અગમ્ય કારણોસર કંટ્રોલ મેળવી શકાયો નથી. મથુરામાં થયેલા હિંસાચારથી કે હરિયાણામાં જાટ આંદોલનથી થયેલ નૃશંસ વ્યવહારથી આપણે ધ્રુજી ઊઠીએ છીએ. સરકાર પાસે આટલું બધું પોલીસદળ હોવા છતાં હિંસા અટકતી નથી. હમણાં જ આવેલ ગુલબર્ગ સોસાયટી હત્યાકાંડનો ચુકાદો ફરી એક વાર ગોધરાકાંડની ઝનૂની હિંસાને યાદ તાજી કરાવી ગયો.

તંત્રીસ્થાનેથી...

માનવજીવનથી વધૂ મૂલ્યવાન ચીજ બીજી કઈ હોઈ શકે? પરંતુ એ જ માનવજીવન કયારેક નર્મદાની નહેરમાં ઝંપલાવીને પૂર્ણાહૂતિ પામતું વપરાતય છે, કયારેક બહુમાળી બિલ્ડિંગ પર ચઢી જઈ મોતનો ભૂસકો મારી બેસે છે કાં તો ઘરમાં જ પંખા સાથે દુપટ્ટો બાંધીને લટકી પડે છેત્યારે સ્વાભાવિક રીતે જ કાળજું કંપી જાય છે. આત્મહત્યાને આપણી ન્યાયસંહિતા ગુનો ગણતી રહી છે. બીજાનો જીવ લેવો એ ગુનો છે એમ પોતાનો જીવ કાઢી નાખવો એ પણ અપરાધ જ છે. પરંતુ વિવેકબુદ્ધિવાદીઓ માણસને જીવવાનો હક્ક હોય તો પોતાની મરજી મુજબ મરવાનો પણ હક્ક હોવો જોઈએ એવી ઝુંબેશ ચલાવતા રહ્યા છે. સેકટર-૨૩ની હેલનને કંઈ મરવાનો શોખ નહીં હોય. એ જિંદગીથી કંટાળી ગઈ હતી. ડિપ્રેશનમાં આવીને હેલનની જેમ વરસે દહાડે હજારો જિંદગીઓ ટૂંપાતી રહે છે. ડિપ્રેશન સામે ઝઝૂમતી વ્યક્તિનું મનોબળ ટકાવવા સૌથી મહત્ત્વનો ફાળો તો સ્વજનો જ આપી શકે. અત્યારે તો ડિપ્રેશનની અનેકવિધ સારવાર ઉપલબ્ધ છે. સમાજ આવી દુખિયારી વ્યક્તિઓ પ્રત્યે અનુકંપા દાખવાને બદલે તરછોડવાનું વલણ ધરાવે છે, તે માનસિકતા બદલવી જરુરી છે, શારીરિક બીમારીની જેમ માનસિક બિમારીના ઉપચાર માટે પણ જનજાગૃતિની જરુર છે. સરકારે એ દિશામાં વિશેષ ધ્યાન નથી આપ્યું તે ઘણી જ શોચનીય બાબત છે. અમેરિકામાં મોહંમદ અલીના જ હોમ સ્ટેટમાં એક આશાસ્પદ ગુજરાતી તરુણને વગર વાંકે ગોળીએ દેવાયો, એની ફરિયાદ પણ કોને કરવી! અમેરિકાની લોકશાહી અને વૈભવનાં બે મોઢે વખાણ કરનારા આપણે કોણ જાણે કેમ, એનાથી અંજાઈને આંધળા બની ગયા છીએ. આપણું યુવાધન વર્ષોથી તકોની દુનિયા ગણાતા અમેરિકા તરફ હિજરત કરતું રહ્યું છે. છાશવારે કોઈની દુકાન લૂંચાય છે અને પછી પુરાવો જ ન રહે એ માટે સ્ટોરકીપરને ગોળીએ દેવાય છે. ગુજરાત અમેરિકા કરતાં ઘણું વધારે સલામત છે, એમાં કહેવામાં કોઈ અતિયશયોક્તિ ખરી?

અદાલતોમાં કેસો ભરાવા માટે જવાબદાર કોણ રાજતંત્ર કે ન્યાયતંત્ર

૧ કરોડથી ઉપરના વ્યવહારોના દાવાઓ માટે કોર્મશીયલ કોર્ટ ખુલશે

સરકાર હંમેશા રાજકારણીઓના તાબામાં રહેવી જોઈએ પછી તે ભલેજે સુપ્રીમ કોર્ટ હોય કે રાજકારણીઓ આવી ધારણમાં રાંચતા હોય છે અને તે પ્રમાણે સંસદમાં ઠરાવો પસા કરતા હોય છે. ભારતીય બંધારણમાં ન્યાય પાલીકાને સર્વોત્તમ ગણવામાં આવેલ છે તેમજ સ્વાયત્ત પણ રાખવામાં આવેલ છે પરંતુ એ હક્કિત છે કે કાયદાઓ ઘડવાનું, બદલવાનું કામ સંસદનું છે અને સંસદ એ રાજકારણીઓના તાબામાં છે.

લોકતંત્રએં ત્રણ સ્તંભો ઉપર રચાયુ છે. ધારાસભા, સરકાર અને ન્યાયતંત્ર ત્રણે સ્તંભો મજબુત હોય તો લોકશાહી જીવંત રહી શકે પરંતુ હાલમાં તો ત્રણેય પાયામાં લુણો લાગ્યો છે અને પાયાઓ હલી ગયા છે. આમ જનતાનો ત્રણેય સ્તંભો ઉપરનો વિશ્વાસ દિનપ્રતિદિન ઓછો થતો જાય છે. સરકારના નેતૃત્વનું સ્તર સંસદથી પંચાયત સુધી બગડતું જાય છે. ધારાસભા અને સરકાર એકબીજાના પુરક છે પરંતુ વચ્ચમાં મરો ન્યાયતંત્રનો થાય છે. સરકાર મનફાવે તેવા કાયદા બનાવે છે જેના પાલનની જવાબદારી ન્યાયતંત્ર ઉપર ઠોકી બેસાડે છે. સરકાર હંમેશા રાજકારણીઓના તાબામાં રહી છે. તંત્ર પણ કદી ધારાસભાથી સ્વતંત્ર નથી સ્વતંત્રતાનો બાહ્ય દેખાવ ધરાવતી હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટ એ પણ ન્યાયતંત્ર છે એવા સ્તરો છે કે એમાં પણ રાજકીય હસ્તક્ષેપો વારંવાર થતા જાય છે. ઉત્તરાંચલનો બનાવ તેનો સાક્ષી છે.

૧૯૮૧ માં ગુપ્તા કેસ તથા ફર્સ્ટ જજીસ કેસમાં એવું ઠરાવ્યું હતું કે ન્યાયીક નિમણુંક અને બદલીઓ વિષે આખરી સત્તા મુખ્ય ન્યાયાધિશશ્રીની ભલામણથી થશે. જે સર્વોપરીતાને રાજકીય હિતે ખાતર નકારવામાં આવેલ અને કોલેજીયમ સીસ્ટમનો આજદિન સુધી યેનકેન પ્રકારે રાજકીય રીતે વિરોધ થતો આવ્યો છે. સરકાર ગમે તે પક્ષની હોય સર્વોપરીતા સત્તાધારી પક્ષની રહે તેવું જ સરકારનું વલણ હોય છે. સુપ્રિમ કોર્ટના ચાર સીનીયર જજોની સાથે સારા સારી રાખી કોલેજીયમ સિધ્ધાંત મુજબ ન્યાયપાલીકામાં બદલી અને નિમણુંક કરવાના સિધ્ધાંતને મંજુર કરવામાં આવ્યો હોવા છતાં નેશનલ જ્યુડિશીયલ એપોઈન્ટસ કમિશન એકટ સને ૧૯૯૯ માં બંધારણ ૨૩ માં સુધારા દ્વારા આ સિધ્ધાંતને રદ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો જે અદાલતોમાં જજોની નિમણુંકોમાં રાજકારણીઓનું વર્ચસ્વ રહે તેમ ઠરાવ્યું પરંતુ બંધારણ-૯૯ માં સુધારો બંધારણના કાયદેસરના અધિકાર બહારનો ગણી નકારી કાઢયો. કોલેજીયમ પધ્ધતિને માન્યતા અપાઈ છે પરંતુ જજોની નિમણુંક કરવાની વાસ્તવિક સત્તા હજી પણ સરકારની પાસે જ છે. જે ન્યાઈક સ્વતંત્રતા ઉપર પ્રહાર સમાન છે.

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતના સુપ્રિમ કોર્ટના મુખ્ય ન્યાયાધિશો આ સીસ્ટમનો જોરદાર વિરોધ કરતા ન્યાયાલયના પડતર કેસોના ભરાવા સામે સંવેદનશીલતા વ્યકત કી લાગણીસભર રીતે જાહેરમાં રોષ વ્યક્ત કરવો પડયો જેના પડઘા રાજકારણ તથા ન્યાયાલયમાં વિરોધાભાષી રૂપે પડ્યા.

અદાલતોમાં કેસોના ભરાવા ૨૦૧૪ સુધીમાં ૨.૬ કરોડ કેસો તથા ઉચ્ચ અદાલતમાં ૪૪ લાખ જેટલા પડતર કેસો છે.

એશીયા, પેસેફીક ઈન્ટરનેશનલ મીડીએશન સમીટ-૨૦૧૫ માં આ બાબતે પ્રકાશ પાડતા મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ કેસોના ભરાવા માટે જજીસ, રાજકારણીઓ ઉપરાંત વકિલોને જવાબદાર ઠેરવ્યા, વિન કારણે મુદત પડતા કેસોનો નિકાલ થતા સમય જાય છે. દેશમાં અદાલતોમાં સૌથી વધુ કેસો સરકાર દ્વારા કરવામાં આવે છે અને તે કેસોને યેનકેન પ્રકારે એક યા બીજા કારણોસર સરકાર દ્વારા ખેંચવામાં આવે છે. ખાનગી કેસોમાં તો પક્ષકારોને કેસના ઝડપી નિકાલ માટે સહાય પ્રયત્ન શીલ હોય છે પણ સરકાર જે કેસમાં પક્ષકાર હોય તેવા કેસો એક યા બીજા કારણોસર જવાબદારી નક્કી ના થવાના કારણે, અધિકારીઓની બદલી ના કારણે

અનુસંધાન પાના નં. ૭ પર

આડવાણીને હજુ રાષ્ટ્રપતિપદનાં શમણાં

ઘણા વખતે ભારતીય જનતા પક્ષના વયોવૃદ્ધ નેતા લાલકૃષ્ણ આડવાણી ગુજરાત આવ્યા અને સાબરમતી રિવરબંટ પર ગૌરવ વિકાસ સંમેલનમાં મોદીનિષ્ઠ મુખ્યમંત્રી આનંદીબહેન પટેલની લગોલગ ઝળક્યા. હજુ હમણાં જ આડવાણીએ પત્ની કમલા આડવાણીના મૃત્યુનો કારમો વિયોગ સહેવાનો આવ્યો છે. જોકે રાજકારણમાં સક્રિય રહેવું હોય તો અંગત દુઃખોને ભૂલીને સદા પ્રજાની અને કાર્યકર્તાઓની વચ્ચે રહેવું પડે. સંભવતઃ એટલે જ લાલજી ૮૮ વર્ષની પાકટવયે પણ ખાસ્સા સક્રિય થયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી એમનાથી વંકાયેલા હોવા છતાં ક્યારેક મોદીએ આડવાણી કનેથી રાજકારણના પાઠ શીખ્યા હતા એટલે શિષ્ય તરફથી કાંઇક કૃપા થાય અને આગામી જુલાઇ ૨૦૧૭માં રાષ્ટ્રપતિ ભવન ભેળા થવાય, એવી અંતરેચ્છાને લાલજી હજુ પણ પોષી રહ્યા હોય એવું લાગે છે. અન્યથા ઢળતી ઉંમરે એમણે વડાપ્રધાન મોદી અને મુખ્યમંત્રી આનંદીબહેનની રિવરબંટ અંગે આટલી બધી પ્રશસ્તિ કરવાની જરૂર નહોતી. મહાત્મા ગાંધી વિશે 'સાબરમતી કે સંત તુને કર દિયા કમાલ'નું સ્મરણ કરીને વડાપ્રધાન તથા મુખ્યમંત્રીને વિશે 'ગુજરાત કે નરેન્દ્રભાઇ, આનંદીબહેન આપને કર દિયા કમાલ'નું પ્રમાણપત્ર આડવાણી આપે ત્યારે સ્વાભાવિક રીતે કુછ હજમ નહીં હુઆ.

આડવાણી મૂળે તો ગાંધીનગર લોકસભા બેઠક પરથી ચૂંટાઇને દિલ્હીમાં પોતાનો પ્રભાવ પાથરતા હતા, પરંતુ સપ્ટેમ્બર ૨૦૧૩માં વડાપ્રધાનપદ માટેની તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની મહેચ્છા સામે રુસણે બેસીને એમણે રીતસર પગ પર કુહાડો જ માર્યો હતો. મુખ્યમંત્રીની નજર દિલ્હીની સલ્તનત પર હોવાનું ઘણા વખતથી સ્પષ્ટ હતું. પાકિસ્તાનના કરાંચીમાં જન્મેલા લાલજીએ ત્યાંના રાષ્ટ્રપિતા મોહમ્મદ અલી ઝીણાને જૂન ૨૦૦૫ દરમિયાનની પાકિસ્તાનમુલાકાત દરમિયાન સેક્યુલર ગણાવ્યા ત્યારથી માતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની નજરમાંથી એ ઊતરી ગયા હતા. ડિસેમ્બર ૨૦૦૫માં જ ભાજપના અધ્યક્ષપદેથી તેમને ઉતારી દઇને પ્રમાણમાં યુવા-નેતા રાજનથ સિંહને અધ્યક્ષપદ સોંપાયું. એ પૂર્વે સંઘસુપ્રીમો કુપ્પહલ્લી સીતારામૈયા સુદર્શને અટલ બિહારી વાજપેયી અને આડવાણીને સક્રિય રાજકારણમાંથી થોડાક હટીને યુવા પેઢી માટે જગ્યા કરવાના સંકેત આપ્યા હતા. ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે નિષ્ફળ રહેલા આડવાણી પર સંઘ ફરીને જુગાર ખેલવાના પક્ષમાં નહોતો.

જે આડવાણીએ જનસંઘના કર્મઠ સંસ્થાપકોમાંના એક એવા બલરાજ મધોકને અધ્યક્ષપદેથી તગેડીને પરોસના-નોનગ્રાન્ટા જાહેર કરવામાં સંઘના આદેશાત્મક વલણનું આચરણ કર્યું હતું, એ વરિષ્ઠ રાજનેતાએ નાગપુરના સંકેતો સુપેરે સમજી લેવા જોઇતા હતા. સંઘ મુખ્યાલય નાગપુર પ્રત્યક્ષ રીતે ભલે ભાજપમાં દાખલ ના દે, પરંતુ સંગઠન મંત્રીઓ તરીકે સંઘના પ્રચારકોને મૂકાવીને ધાર્યું કરાવવામાં સફળ હોય છે, એ વાત લાલજી જેવા પ્રચારક રહી ચૂકેલા જનસંઘ-ભાજપના પીઢ નેતાને સમજાઇ જવી જોઇતી હતી. જોકે વડાપ્રધાનપદના ઉમેદવાર થવાની એમની મહત્વાકાંક્ષાએ અંતરંગ સાથી એવા રામ જેઠમલાની જેવા વડીલની વાત પણ તેમને કાને ધરવા જેવી ના લાગવા દીધી. જેઠમલાની એ વેળા નરેન્દ્ર મોદીની ઉમેદવારીના પક્ષધર હતા. આડવાણી રુસણે બેઠા. ના માન્યા. ૧૩ સપ્ટેમ્બર ૨૦૧૩ના ઘટનાક્રમમાં મોદીવિરોધી ભૂમિકા લીધી છતાં પક્ષના અધ્યક્ષ રાજનાથ સિંહે સંઘના સરસંઘચાલક ડૉ.મોહનરાવ ભાગવતની સાથે વાત કર્યા પછી મોદીનું નામ પક્ષના વડાપ્રધાનપદના ઉમેદવાર તરીકે જાહેર કરી દીધું , એ પછી પણ લાલજી જેવા વરિષ્ઠ નેતા વટકેલા જ રહ્યા.

ડૉ.મુરલી મનોહર જોશી, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી તથા મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે પણ મોદીની વહેલમાં બેસવાનું પસંદ કર્યું છતાં અડવાણીએ બેઠક બહિષ્કાર ચાલુ રાખ્યો. જોકે નરેન્દ્રભાઇ એવા કીમિયાગર છે કે એ આડવાણીને ઘેર જઇને ધરાર આશીર્વદ લઇ આવ્યા. વડાપ્રધાન બન્યા પછી તમામ વરિષ્ઠ નેતાઓએ મોદીકૃપા પર જીવવાનું હોવા છતાં આડવાણી સંયમી રહ્યા હતા. હવે એમની દાઢ પાછી રાષ્ટ્રપતિપદ માટે સળકી લાગે છે. એટલે ગઇ ગુજરી ભૂલીને મોદી-આનંદીબહેનનાં ઓવારણાં લેતા થયા છે. જોકે મોદીની પ્રકૃતિથી વાકેફ પ્રત્યેકને ખ્યાલ છે કે એમને ક્યારેય જે કોઇ નડયું હોય એને એ માફ કરતા નથી.એમાંય રાષ્ટ્રપતિ જેવી સંકટકાળમાં ખૂબ જ પ્રભાવ પાડી શકનારી જગ્યાએ મોદી પોતાના એકદમ અંગત નિષ્ઠાવંતને જ મૂકવાનું પસંદ કરે.

ભાજપના ત્રણ ટોચના નેતાઓ માટે માર્ગદર્શક મંડળ બનાવીને કહ્યાગરાઓની કારોબારી અને સંસદીય મંડળ ભાજપના નેતા અને વડાપ્રધાન મોદીએ બનાવ્યું છે. વડાપ્રધાન રહી ચૂકેલા અટલ બિહારી વાજપેયી અત્યારે ખૂબ બીમાર છે અને પક્ષની બાબતો વિશે ભાગ્યે જ કાંઇ માર્ગદર્શન કરી શકે એવી સ્થિતિમાં છે. આડવાણી અને ડૉ.જોશી લોકસભાના સભ્ય છે. તેમના નેતાપદે મોદીની વરણી થયેલી હોવાથી એ વંકાઇ શકવાની સ્થિતિમાં નથી. ઓછામાં પૂરું આડવાણી અને જોશી વચ્ચે સુમેળ નથી. આડવાણી કરતાં ડૉ.જોશી વડાપ્રધાન મોદીનું સમર્થન કરવામાં જ સંતાનના રાજકીય ભાવિને ઉજ્જવળ બનાવવાનું પસંદ કરે. બંને નેતાઓને પ્રધાનમંડળમાં કે લોકસભાના અધ્યક્ષપદ જોવા બીજા કોઇ હોદ્દા માટે પસંદ નહીં કરીને મોદીએ પોતાનો અણગમો સ્પષ્ટ કરી દીધો છે. સાથે જ 'હુ કૉલ્સ ધ શોટ'ની સ્થિતિ પણ સ્પષ્ટ કરી છે. ડૉ.જોશી પણ મોદીની પસંદગીના રાષ્ટ્રપતિ તરીકે પસંદગી પામી શકે તેમ નથી.

રાષ્ટ્રપતિની ચૂંટણી જુલાઇ ૨૦૧૭ પૂર્વે કરવી પડે. વર્તમાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીની મુદત ૨૫ જુલાઇ, ૨૦૧૭ના રોજ પૂરી થાય છે. એ પહેલાં ગોવા, મણિપુર, પંજાબ, ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણીઓ યોજવાનું અનિવાર્ય છે. ભાજપને આ રાજ્યોમાં બહુમતી મળવાની અને રાષ્ટ્રપતિપદે વિનાસંકટે

અતિતની આજ
ડૉ. હરિ દેસાઇ

પોતાના ઉમેદવારને મૂકાવવાનું શક્ય લાગે છે. આ પાંચેય રાજ્યોમાં મે ૨૦૧૭ પહેલાં વિધાનસભાની મુદત પૂરી થતી હોવાથી ચૂંટણી યોજવી પડે. આસામમાં ભાજપનું શાસન આવ્યા પછી મણિપુરમાં પણ કૉંગ્રેસને સત્તાથી વંચિત કરવાનું ભાજપ માટે અશક્ય નથી. પંજાબમાં અકાલી-ભાજપની સરકાર છે. કૉંગ્રેસના આંતરકલહ અને આપ પાર્ટી થકી અકાલી-ભાજપ સામેના મોરચામાં ફાટફૂટ પડાવાય એવા સંજોગોમાં સત્તારૂઢ મોરચા ભણી લોકોના રોષ છતાં ફરી સત્તા મેળવી શકાય. ઉત્તરાખંડમાં વડાપ્રધાન મોદીનો દાવ સુપ્રીમ કોર્ટના ચુકાદાથી નિષ્ફળ રહ્યા છતાં વિધાનસભાની ચૂંટણી પછી સત્તા ભાજપ ના નેતૃત્વવાળા રાષ્ટ્રીય લોકતાંત્રિક મોરચા (એનડીએ)ની બહુમતી સ્થપાતાં મોદી સરકાર માટે વહીવટી અનુકૂળતા વધી શકે. સાથે જ રાષ્ટ્રપતિભવનમાં કહ્યાગરા અને મોદીનિષ્ઠ રાષ્ટ્રપતિ બિરાજતાં વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રીય સ્તરે લાવવા ધારેલાં પરિવર્તનો સરળ બની શકે. વડાપ્રધાન મોદી ક્યારે કેવું રાજકારણ ખેલશે એ કહેવું મુશ્કેલ હોવાથી અત્યાર સુધીમાં ચર્ચામાં આવેલાં રાષ્ટ્રપતિપદ માટેના ઉમેદવારોનાં નામોમાં લાલકૃષ્ણ આડવાણી, ડૉ.મુરલી મનોહર જોશી, અમિતાભ બચ્ચન, ઇસરોના અધ્યક્ષ રહેલા કે. રાધાકૃષ્ણને બદલે અન્ય કોઇ અજાણ્યું નામ પણ છેલ્લી ઘડીએ આવી શકે. જે હશે તે મોદીનિષ્ઠ અને મોદીસમર્પિત જ હશે. ગુજરાતનાં વર્તમાન મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ પણ રાષ્ટ્રપતિ ભવનનાં હકદાર થઈ શકે.

આનંદીબહેનને ગાંધીનગરથી અન્યત્ર ખસેડવાં પડે અને ૨૦૧૭ના અંતમાં આવનારી વિધાનસભાની ચૂંટણી જીતીને શંકરસિંહ વાઘેલા કે ભરતસિંહ સોલંકી મુખ્યપ્રધાન બનવાનાં શમણાંની બાજીને ઊંધી વાળવા માટે મોદીવ્યૂહ મુજબ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને પણ મુખ્યમંત્રીપદના ઉમેદવાર જાહેર કરી દેવાય અથવા તો ચૂંટણી પૂર્વે મુખ્યપ્રધાન બનાવી દેવાય એ અશક્ય નથી. ગુજરાતની કુલ ૩૩માંથી ૨૩ જિલ્લા પંચાયતો જીતનારી કૉંગ્રેસ હવે વિધાનસભામાં બહુમતી મેળવવાનું હાથવેંતમાં અનુભવે છે, પણ મોદી-અમિત શાહના વ્યૂહ ક્યાં, ક્યારે, કયા કૉંગ્રેસી નેતાનો શિકાર કરીને ભાજપ માટે ઉજાણીનો પ્રસંગ સર્જશે એનું આગોતરું નાટક હજુ હમણાં જ ગાંધીનગર મહાનગર પાલિકામાં ભજવાઇ ગયું. યેનકેન પ્રકારેણ ભાજપનો ગુજરાત ગઢ તો સાચવવો એ ભગવી બ્રિગેડ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે.

જીવનમાં માત્ર પુસ્તકિયું જ્ઞાન જરુરી નથી, ભણવાની સાથે સાથે શારીરિક અને માનસિક રીતે પણ દૃઢ હોવું અને સક્ષમ હોવું અત્યંત આવશ્યક છે

કોઈ પણ કામ કરવાના ત્રણ રસ્તા છે : કાં તો એ જાતે કરવું, કાં તો પૈસા આપીને કોઈની પાસે કરાવવું અથવા તો એ કરવાની મનાઈ પોતાનાં બાળકોને ફરમાવવી.

- મોન્ટા કેઈન

ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામો જાહેર થતાંની સાથે જ એડમિશન માટેની દોડાદોડી, આગળ શું કરવું એ અંગેની ચર્ચા-વિચારણા આ તમામનો એક દોર શરૂ થાય છે. દરેક મા-બાપ પોતાના બાળક માટે સર્વશ્રેષ્ઠ કોચિંગ અને સ્કૂલ શોધવા માટે પ્રયત્નશીલ હોય છે. જાતે ભણવા કરતાં પણ બાળકોને ભણાવવા અને તેમની કારકિર્દી વિષેના નિર્ણયો લેવા એ વધુ અઘરી બાબત હોય છે. મારા મતે મા-બાપ બનવાની ક્ષણે જે ઉત્સાહ, ઈંતેજારી, રઘવાટ અને પીડા તેઓએ ભોગવી હોય કંઈક એ જ પ્રકારની મૂંઝવણ આ સમય દરમિયાન વર્તાય છે. બાળકના જીવનના અને તેની કારકિર્દીના નિર્ણયો માતા-પિતા લેતા હોય ત્યારે તેમના મનમાં કેટકેટલા વિચારો અને કેટલીય મૂંઝવણ ચાલતી હશે ! જે વિદ્યાર્થીઓ (Top) કરે છે તેમના મા-બાપ નિશ્ચિંત હોય છે એમ માનવું ભૂલ ભરેલું છે. પોતાનું બાળક સગવડના અભાવે પાછળ ન રહી જાય એ માટે ખૂબ જ હોંશિયાર વિદ્યાર્થીના મા-બાપ પણ તેને સારામાં સારા કોચિંગ કલાસમાં મૂકતાં અચકાતાં નથી. આજના આ યુગમાં મોટાભાગના બાળકો Sharp, Intelilgent અને Smart હોય છે. પણ આજના બાળકોમાં જો કોઈ ક્ષતિ હોય તો તે માત્ર ધીરજ અને ચપળતાની છે. બધાએ બધું જ ફટાફટ મેળવી લેવું છે. અને તે પણ ઓછામાં ઓછા પ્રયત્નો દ્વારા! Junk food અને ઈન્સ્ટન્ટ મિક્સના આ યુગમાં બાળકો બુદ્ધિથી વધુ શાર્પ ભલે બન્યા પણ શારીરિક રીતે થોડા Inactive બન્યા છે.

'ચીનમાં એક જમાનામાં એવું કુટુંબ વસતું હતું કે જેની નવ-નવ પેઢીઓ સુધી સાસરે જતી દીકરીઓ સિવાય બીજું કોઈ જ કુટુંબીજન ઘર છોડીને ચાલ્યું ગયું નહોતું. આવા સુખી ગૃહજીવનની ખ્યાતિ ફેલાતી ફેલાતી શહેનશાહ સુધી પહોંચી. આ વાતનું રહસ્ય જાણી લાવવા એમણે કાસદ મોકલ્યો. કુટુંબના વડદાદાજીએ લાંબો કાગળ અને પીંછી લઈને ચીની ચિત્ર-લિપિમાં અનેક શબ્દો આલેખ્યા અને પોતાનો ઉત્તર શાહી દૂતને સોંપ્યો. પછી શહેનશાહે પોતે જયારે એ પત્ર-ફીંડલું ઉખેળ્યું, ત્યારે તેની પર બીજું કાંઈ નહિં પણ 'ધીરજ' માટેનું ચિત્ર-પ્રતિક એકસો વાર આલેખાયેલું નિહાળ્યું' બાળકોમાં નાનપણથી જ ધૈર્ય અને અનુકંપાના બીજ વાવ્યા હોય તો તે જીવનની તકલીફોનો સામનો કરી શકશે અને નિષ્ફળતા મળે તો પણ ધીરજપૂર્વક સફળ થવાના માર્ગે કાર્યરત રહેશે. આપણે હંમેશા લોકોને એવું કહેતા સાંભળ્યા છે કે 'સમય અનુકૂળ નહોતો' માટે ધારી સફળતા ન મળી શકી અથવા 'એક માણસથી શું થઈ શકે?' આ પ